# લખપતિ કૃત
# "સેત્તુજ ચેત્તપ્રવાડિ"

સં॰ મધુસૂદન ઢાંકી

શત્રુંજયતીર્થ સંબંધી અદ્યાવધિ પ્રાકૃત-અપભ્રંશ અને જૂની ગુજરાતીની મળી સાતેક જેટલી ચૈત્યપરિપાટિઓ પ્રકાશિત થઈ છે[1]. (તેમાં બૃહદ્ તીર્થમાલાઓ, કે જેમાં સાથે સાથે શત્રુંજયેતરતીર્થોનો પણ સમાવેશ છે, તેને અહીં ગણવામાં આવી નથી.) સંઘ-સહયાત્રા કે એકાકી યાત્રા કરનાર શ્રાવક-કવિઓ અને મુનિ-મહાત્માઓ દ્વારા ખાસ શત્રુંજયનાં જ દેવમંદિરોને વંદના દેતી ચૈત્યપરિપાટિઓમાં સાંપ્રત સેત્તુજચૈત્તપ્રવાડિ (શત્રુંજય ચૈત્યપરિપાટિ)થી એકનો વધારો થાય છે.

આ ચૈત્યપરિપાટિ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના મુનિશ્રી પુણ્યવિજયજી સંગ્રહમાંની પ્રતિ ક્રમાંક ૮૨૮૫ ઉપરથી ઉતારવામાં આવી છે. પ્રતિલિપિ (સ્વ॰) પં॰ બાબુલાલ સવચંદ શાહે સંપાદનાર્થ તૈયાર કરી આપેલી, જેનો અહીં સાનન્દ સાભાર ઉલ્લેખ કરું છું.

પરિપાટિકારે અંતભાગે પોતાનું નામ 'લખપતિ' આપ્યું છે. ઉપલબ્ધ સાધનો દ્વારા હાલ તો આ કવિ વિશે માહિતી લભ્ય નથી બની. પ્રવાડિની ભાષા સોળમા શતકની હોવાનો મારા (ભૂતપૂર્વ) સહકાર્યકર મિત્ર દા॰ રમણીકલાલ શાહનો અભિપ્રાય છે, જેને અન્ય લિપિ-તજ્જ્ઞ મિત્રો થકી પણ સમર્થન મળ્યું છે.

પરિપાટિની શરૂઆતમાં કવિ લખપતિ 'સેત્તુજસામી'—યુગાદિપ્રભુ—નું આહ્વાન કરી, (યાત્રાર્થે) શત્રુંજયને પંથે પ્રયાણમાન થાય છે : (૧-૨). તેમાં સૌ પ્રથમ પાલિતાણામાં અને ત્યાં પરિસરમાં રહેલ ત્રણ પ્રસિદ્ધ મધ્યકાલીન જિનમંદિરો—પાર્શ્વજિનેશ્વર, લલિતા સરોવરને તીરે રહેલ 'વીરપ્રભુ,' અને (તળેટીથી ઉપરના ભાગે સ્થિર) ભગવન્નેમી—નાં દર્શન કરી, પાજ ચડીને મરુદેવીની ટૂંકે પહોંચે છે. ત્યાં માતા 'મરુદેવી', 'કપડજખ'(કપર્દીદક્ષ), ને જિન 'સંતિ'(શાંતિનાથ)ને વાંધા (૨-૩) પછી 'અણપમ સરોવર' (અનુપમા સરોવર) તરફ જાય છે. ત્યાં (મંત્રી તેજપાલ નિર્મિત) 'સરગારોહણ' (મંત્રી વસ્તુપાલના સ્મરણમાં બંધાયેલ 'સ્વર્ગારોહણ-પ્રાસાદ')માં 'આદિ પ્રભુ' પ્રમુખ ચાર બિંબનાં[2] દર્શન કરી (સીધા જ આદીશ્વરના) 'સીહદુવાર'(સિંહદ્વારે) પહોંચે છે : (૪) ત્યાં આગળ મંત્રીશ્વર વસ્તુપાલ સ્થાપિત 'તિલખૂં-તોરણ'(તિલક તોરણ) નિહાળ્યાનો આનંદોદ્ગાર કાઢી, આદિદેવના રંગમંડપમાં પહોંચે છે : (૫-૬). તે ટાંકણે 'બાહડમંત્રી'(મંત્રીરાજ વાગ્ભટ) દ્વારા થયેલ ઉદ્ધારનો આછો શો નિર્દેશ કરી, મંત્રી બંધુ 'વસ્તુપાલ-તેજપાલ'ના ગુણ સ્મરી, દેવાધિદેવ આદીશ્વરસ્વામીની 'લેપમયી' મૂર્તિનો ઉલ્લેખ કરે છે, ને સ્તવનાત્મક પ્રશંસા કરે છે : (૬-૭) તે પછી 'ગણહર(ગણધર) પુણ્ડરીક'ને પ્રણમી, 'કોટાકોટી જિન'ની શૈલમય મૂર્તિઓને નમી, 'પાંચપાંડવ,' 'ચૈત્યવૃક્ષ રાયણ,' અને 'યુગાદિ'નાં 'ચરણયુગલ'ને કર જોડ્યા પછી 'અષ્ટાપદ', લેપમયી બાવીસ જિનમૂર્તિઓ, તદતિરિક્ત વસ્તુપાલના કરાવેલ 'મુનિસુવ્રત' અને 'સાચઉર-વર્ધમાન' (સાચોરીવીર કિંવા સત્યપુર મહાવીર)ને નમસ્કાર કરે છે : (૧૦-૧૧).

(આદિનાથનું પ્રાંગણ છોડી પાછા વળતાં થોડું નીચે આવ્યા બાદ) 'ખરતરવસહી'માં યાત્રિક પ્રવેશે છે. તેના આયોજનના લાઘવ-કૌશલ વિષે થોડીક પ્રશંસા કરી, થોડામાં ઘણું સમાવી દીધું છે કહી, તેટલામાં રહેલ (તેજપાલ કારિત) 'નંદીયસર'(નંદીશ્વર પ્રાસાદ), 'થંભણપુર-અવતાર'(સ્તમ્ભનપુરાવતાર પાર્શ્વ) અને 'ગિરનાર' (રૈવતાવતાર નેમિ)ના પ્રતીક-તીર્થરૂપ મંદિરમાં દર્શને જાય છે. રૈવતાવતારના મંદિરમાં નેમિનાથ અને તદુપરાંત અમ્બા, શામ્બ અને પ્રદ્યુમ્નનાં અવતારતીર્થોનો ઉલ્લેખ કરે છે : (૧૨-૧૩), અને તે પછી સમાપ્તિ-યોગ્ય વચન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહી, પોતાનું કર્તૃત્વસૂચક 'લખપતિ' નામ જણાવી વાત પૂરી કરે છે : (૧૪-૧૫)

આ યુગની કૃતિઓમાં સામાન્યતઃ હોય છે તેવું કાવ્યતત્ત્વ ધરાવતી, આ પંદર જ કડીમાં પૂરી થતી પરિપાટિમાં એવી કોઈ નવી વાત નથી જે ચૌદમા-પંદરમા શતકના તીર્થ-યાત્રીઓએ ન કહી હોય. ઊલટું કેટલીક વિગતો, જેમકે ખરતરવસહીનું વિગતે વર્ણન નથી, તેમ જ કેટલાંક દેવભવનો, જેવાં કે મરુદેવીની ટૂક પરના છીપાવસહી, મોલ્હાવસહી, અને આદીશ્વર ટૂકમાં આદિનાથનાં મૂલ્ય ચૈત્યની સન્નિધિમાં રહેલ વીસ વિહરમાન મંદિરનો આમાં ઉલ્લેખ નથી. સાંપ્રત પરિપાટિની રચના સત્તરમા સૈકાથી પૂર્વે થઈ હોવા વિષે ભાષા ઉપરાંત અંદર સત્તરમા સૈકાની બે ખ્યાતનામ વાસ્તુ-રચનાઓ—મરુદેવીની ટૂક પરનો 'સવાસોમા'નો 'ચૌમુખ પ્રાસાદ' (સં૰ ૧૬૭૫ / ઈ૰ સ૰ ૧૬૧૯) અને વિમળવશી ટૂકનો મનૌતમલ્લ જયમલ્લજીના ચાર રંગમંડપવાળા મોટા ચતુર્મુખ મંદિર (સં૰ ૧૬૮૨ / ઈ૰ સ૰ ૧૬૨૬) — જેના વિષે અન્યથા સત્તરમા સૈકાના યાત્રિકો અચૂક રીતે કહે છે જ, તેનો ઉલ્લેખ નથી, તે કારણસર વિશેષ પ્રમાણ મળી રહે છે. સોળમા શતકના અંતની અને સત્તરમા સૈકાની પ્રારંભની પરિપાટિઓમાં વિગતો ક્રમશઃ ઓછી થતી જાય છે, તે પરિસ્થિતિની આ અગ્રચારી કૃતિ ગણી શકાય.

---

**ટિપ્પણો :-**

૧) આની વિગતવાર ચર્ચા મૂળપાઠ સહિત હું મારા *The Sacred Hills of Śatruñjayagiri* નામક પુસ્તકમાં કરનાર હોઈ, અહીં વિગતમાં ઊતરવું અનાવશ્ય છે.

૨) અન્ય સૌ પરિપાટિકારો સ્વર્ગારોહણપ્રાસાદમાં નમિવિનમિ અને નાભેય એમ મળી કુલ ત્રણ જ બિંબની વાત કરે છે.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 'લખપતિ' કૃત "સેત્તુજ ચેત્ર પ્રવાડિ"

(દેશી ઢાળ)

કહીય જગગુરુ જ(જુ)ગતિઈ જુહારિસુ,
મનશુદ્ધિ સેત્તુજ સામી;
તહીઈ ભવદુહ પાતગ છૂટિસુ,
ધ્યાન ધરિસુ પ્રભુ [સીસ] નામી:
બહિનડી અમ્હિ ગુણ ગાઉં. ૧

આદિ જિણેસર ઓલગ લાઉં,
સેત્તુજ વાટડી જાઉં; બહિનડી અમ્હિ ગુણ ગાઉં. અંચલી.

પાલીતાણઈ પાસ જિણેસર,
પય પહિલઉં પણમેસુ;
લલતસરોવર લહિરડી તીરઈ
વીરિસિઉં નેમિ નમેસુ, બહિનડી. ૨

પાજઇ ચડીનઇ માડી મરુદેવિ,
વંદિસુ મન ધરી ખંતિ;
કોડિઈ કવડજખ મુખ જોઈસુ,
સંતિકરણ જિયઉ સંતિ. બહિનડી. ૩

અણપમ-સ[ર]વર પાલિ પ્રવેસિઈ,
આદિ પ્રમુખ જિણ ચ્યારિ;
સરગારોહણ રંગ કરી નઈ,
પઈસિસુ સીહદુવારિ. બહિનડી. ૪

તિલખૂં-તોરણ નયણે પેખી,
આણંદ ભયઉ અપાર;
મનવંછિત ફલ સામીય પૂરઈ,
સેત્તુજ-ગિરિ-અવતાર. બહિનડી. ૫

રંગમંડપિ રંગિ મોરું મન મોહિઉં,
બાહડ મંત્રિ ઉદ્ધાર;
વસ્તિગિ તેજપાલ ગુણગરૂયડિ,
કોઈ ન પામઈ પાર. બહિનડી. ૬

સૂર-ઉદય (ખિ?જિ)સઉ એહ વિમલાચલ,
સેવઈ સ(સુ)રનર સાથ;
હૃદયકમલિ વિકસઈ તિણિ દીઠઈ,
નયણિ નિહાલિસુ નાથ. બહિનડી. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોચન **લેપમઈ** સામીય દીઠઉ,
ધન્ન દિવસ ભયઉ આજ;
આરાસણિ જગ વિરુ થાપી,
સમરસર્યાં સવિકાજ. બહિનડી. ૮

સિવસુખ કારણ નરય નિવારણ,
ત્રિભુવન-તારણ દેઉ;
કુંકુમફૂલિ કપૂરિહિ પૂજિસુ,
સફલ કરિસ કર બેઉ. બહિનડી. ૯

**પુંડરીક** ગણહર પય પણમી,
સીલમય **કોડાકોડિ**;
**પંચઈ પંડવ** રાયણિ પ્રણમિસુ,
ચરણ-યુગ કર જોડિ. બહિનડી. ૧૦

**અષ્ટાપદિ જિન** મોહમયંમ,-
કર **લેપમઈ જિણ બાવીસ;**
**મુનિસુવ્રત-વર્ધમાન-સાચઉર,**
જગિ પૂરવઈ જગીસ. બહિનડી. ૧૧

**ખરતરવસહીય** દષ્ટિ દીઠી,
પાપ પખાલિય દેહ;
થોડામાહિ સવેવધિ થાપી,
વાત ઘણી છઈ એહ. બહિનડી. ૧૨

**નંદીયસર** વરિ નિરપમ નિરખિસુ,
**થુંભાણપુર** અવતાર;
**નેમિ અંબાઈ સામિ પજૂનિ,**
ફલ પામિઉં ગિરનાર. બહિનડી. ૧૩

નવ નવદેઉલ બિંબ અસંખ્યા,
ગુણણા નહી મઝ પાડિ;
દષ્ટિ અદષ્ટિ સવે જિણ વંદઉં,
કીધી ય ચેત્ર-પ્રવાડિ. બહિનડી. ૧૪

ધન નરનારિ નિપુણ નિશ્ચઈ જે,
નિત [નિત] નમઈ યુગાદિ;
**લખપતિ** ભણઈ તમ્હિ ભાવના ભાવઉ
પુણ્ય અનંતઉં નાદિ. બહિનડી. ૧૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org